ધાનપુરના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં.

**ક્રીમીનલ કેસ નં.૧૪૯/૨૦૨૬**

ફરીયાદી::– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી::– કશનાભાઈ નબળાભાઈ બારીયા

રહે.ઝાબુ, રાગડ ફળીયુ , તા.ધાનપુર, જી.દાહોદ

**ગુનોઃ– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબ...**

**આંક–૧ નીચે હુકમ**

(૧) આ કામમાં ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે આ કામના આરોપીએ બનાવવાળા દિવસે ચાર્જશીટમાં જણાવેલ જગ્યા પર દારૂના નશાની હાલતમાં પોતાનું વાહન ચલાવી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ. જે ગુનાની ફરીયાદ પોલીસ સ્ટેશને ફરીયાદીએ નોંધાવતાં પોલીસે જરૂરી તપાસ કરી આ કામના આરોપી સામેના ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ રજુ રાખેલ.

(૨) આરોપીને સમન્સ કરતાં આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં, આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાનો ઈનકાર કરેલ છે.પરંતુ ત્યારબાદ આરોપીએ તેઓની સામેનો ગુનો કબુલ કરતા હોવા અંગે કબુલાત પૂરસીસ આપેલ છે અને તેઓની સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.વધુમાં આરોપીની ગુના કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ છે કે તેઓ કુટુંબ કબીલાવાળા માણસ છે, ફરી આવો ગુનો નહી કરે અને આ તેમનો પ્રથમ ગુનો જેથી આરોપીએ દયા રાખવા અરજ કરેલ છે.

(૩) આરોપીને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ, તેમ છતાં ગુનો કબુલ મંજુર રાખેલ હોય, આરોપીની સ્વૈચ્છિક કબુલાત ન માનવાને કોઇ કારણ નથી. તેમજ આરોપીની કબુલાત પુરસીસની હકિકતો તથા અત્રેની અદાલત સમક્ષની રજુઆતો ધ્યાને લેતાં આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોય જેથી આ કામમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**−//હુકમ//−**

(૧) સદરહુ આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ−૨૭૫ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ−૬૬(૧)(બી) માં તકશીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા રૂ. ૧૦૦/− ના દંડની સજા ફરમાવવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન−૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. તેમજ મોટર વ્હીકલ એકટની કલમ−૧૮૫ મુજબના ગુનામાં તકશીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા તથાં રૂ. ૧,૦૦૦/− ના દંડની સજા ફરમાવવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન−૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ−૧૧ , માહે−જુલાઈ સને−૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહિ કરી જાહેર કર્યો.

ધાનપુર.
તા. ૧૧/૦૭/૨૦૨૬

(રોહન રાજેન્દ્રકુમાર સુતરીયા)
મુખ્ય જે. એમ. એફ. સી. ધાનપુર
જજ કોડ નં. જી.જે. ૦૧૪૫૭